બનાસકાંઠા જિલ્લાના પ્રવેશ દ્વારે આવેલી છાપી ગામની હોટલ તાજમાં સરકારી રેડથી ભારે ચકચાર

દશ જેટલા અધિકારીઓનું સર્ચ ઓપરેશન, મોડી સાંજ સુધી આઈટીનું સર્ચ : અધિકારીઓ દ્વારા કઈ પણ કહેવાનો ઇનકાર, કથિત મોટી કરચોરીની આશંકા

પાલનપુર તા. ૨૩

બનાસકાંઠા જિલ્લાના પ્રવેશ દ્વારે આવેલા અમદાવાદ હાઈવે ના વડગામ તાલુકાના છાપી ગામની જૂની અને જાણીતી હાઈવે ઉપરની હોટલ તાજમાં આઈ.ટી. વિભાગ દ્વારા દરોડો પાડી તપાસ શરૂ કરતાં પંથક માં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

જોકે દરોડા અંગે અધિકારીઓ દ્વારા કઈ પણ કહેવાનો ઇનકાર કર્યો હતો.સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ મુંબઈ સાથે સંકળાયેલ છાપી ની એક ખાનગી હોટલ ઉપર ચાર થી પાંચ ખાનગી વાહનો માં આવેલ કથિત મુંબઈ તેમજ ગુજરાત ના દશ થી વધુ આઈ.ટી.વિભાગ ના અધિકારીઓ દ્વારા સઘન સુરક્ષા સાથે દરોડો પાડી સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, હોટલ માલિકો ના અન્ય એકમો ઉપર પણ સર્ચ કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળે છે .આ અંગે આઈ.ટી. ના અધિકારીઓ પૂછતાં તેઓ એ હાલ માં તપાસ ચાલુ હોવાનું જણાવી તપાસ પૂર્ણ થયે વિગતો આપવાનું જણાવ્યું હતું. વડગામ ના છાપી હાઈવે ની સૌથી જૂની અને જાણીતી હોટલ ઉપર આઈ.ટી. નું સર્ચ હાથ ધરાતા પંથક માં ખળભળાટ સાથે અનેક તર્કવિતર્ક સાથે મોટી કરચોરી સામે આવે તેવું સૂત્રો જણાવી રહ્યા છે.તમામ ના મોબાઈલ કબ્જે લીધા હતા. છાપી ખાતે આવેલ હોટલ ઉપર આઇટી દ્વારા સર્ચ ઓપરેશ હાથ ધરવામાં આવ્યું હતું જે દરમિયાન હોટલ માં કામ કરતા કર્મીઓ ના મોબાઈલ સ્વીચ ઓફ કરી કબ્જે લીધા હતા.

આ અંગે વધુ પૂરક વિગતો આપતા અમારા છાપીના સંવાદદાતા સુરેશ અગ્રવાલનો અહેવાલ વધુમાં જણાવે છે કે,છાપી ની પ્રખ્યાત હોટલ હોટલ ઉપર આઇટી વિભાગે સર્ચ હાથ ધરતા અનેક તર્ક વિતર્ક સામે આવ્યા છે. જોકે હોટલ માલિકો ના મુંબઈ સહિત અન્ય જગ્યા એ પણ સર્ચ હાથ ધરવા માં આવ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળે છે. દરમિયાન હોટલ માલિકો ના મોબાઈલ ની સ્વીચ બંધ આવતા પ્રતિક્રિયા જાણી શકાય ન હતી.

મોડાસા ડેપો મેનેજર મહિલા કંડક્ટરો સાથે માનસિક-જાતિય સતામણી કરતા હોવાની ફરિયાદ

મુખ્ય મંત્રી સમક્ષ થયેલ ગંભીર આક્ષેપ બાદ તપાસનો ધમધમાટ : નોકરીની આડમાં મહિલા કંડક્ટરો સાથે શારીરિક સબંધ બાંધવા મજબૂર કરતા હોવાની રજૂઆત અરજદાર મહિલા કંડક્ટરે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારતાં હડકંપ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૩

મોડાસા એસ.ટી. ડેપોના વિવાદાસ્પદ ડેપો મેનેજર મહિલા કંડક્ટરો સાથે માનસિક-શારીરિક સતામણી કરતા હોવાની ગંભીર ફરિયાદ રાજ્યના મુખ્ય મંત્રી સમક્ષ થઈ છે. ડેપો મેનેજર સામે મહિલા કંડક્ટરે આક્ષેપ લગાવ્યા છે કે નોકરીની આડમાં તેમની સાથે શારીરિક અડપલાં કરવામાં આવે છે. કેટલીક મહિલા કંડક્ટરોને પરાણે શારીરિક સબંધ બાંધવા માટે ડેપો મેનેજર મજબૂર કરતા હોવાનો ધડાકો ઓનલાઈન ફરિયાદમાં કરવામાં આવ્યા પછી તપાસનો ધમધમાટ શરુ થયો છે. ફરિયાદકાર મહિલા કંડક્ટરે ડેપો મેનેજર સામે તપાસ કરી કાયદેસરનાં પગલાં ભરવામાં નહીં આવે તો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારતાં એસ.ટી. કર્મચારીઓમાં ખળભળાટ મચ્યો છે. પ્રાપ્ત જાણકારી મુજબ મોડાસા એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા ડેપો મેનેજર હર્ષદ પટેલે જ્યારથી ચાર્જ સંભાળ્યો છે ત્યારથી કોઈને કોઈ બહાને વિવાદોમાં રહેતા હોય છે. શરુઆતથી ડેપો મેનેજર રંગીન મિજાજ હોવાની ગપશપ એસ.ટી.ના કર્મચારીઓમાં ચર્ચા સ્થાને રહ્યા પછી ડેપોમાં ફરજ બજાવતી એક મહિલા કંડક્ટરે ડેપો મેનેજરની માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળી આખરે રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ ઓનલાઈન ફરિયાદ કરી ડેપો મેનેજરની માનસિકતાનો ઘટસ્ફોટ કરતાં સનસનાટી મચી છે. મહિલા કંડક્ટર દ્વારા થયેલ ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે મોડાસા ડેપો મેનેજર મહિલા કંડક્ટરોને અવાર નવાર તેમની ફરજને લઈને ધમકાવતા હોય છે. નોકરીની આડમાં મહિલા કંડક્ટરો સાથે શારીરિક અડપલાં કરતા હોય છે. શારીરિક અડપલાં એકવાર નહીં પરંતુ વારંવાર મહિલા કંડક્ટરો સાથે કરવામાં આવતાં હોય છે. મહિલા કંડક્ટરોને રાત્રે મોંડા છૂટે તેવી જાણી જોઈને નોકરી આપવામાં આવે છે જેથી રાત્રે મોંડા ? તો તેમની પાછળ પાછળ જઈને શારીરિક સબંધ બાંધવા માટે મજબૂર કરે છે. જો મહિલા કંડક્ટર કંઈક વિરોધ કરે તો નોકરીમાં હેરાનગતિ કરવામાં આવે છે. ડેપો મેનેજર દ્વારા અનેક મહિલા કંડક્ટરો સાથે શારીરિક અડપલાં કરવાની સાથે સબંધો બાંધવા માટે મજબૂર કરતા હોય છે. એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતી એક મહિલા કર્મચારી પણ ડેપો મેનેજરની શિકાર બન્યાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. સદર ડેપો મેનેજર અગાઉ લુણાવાડામાં ફરજ પર હતા તે સમયે પણ ત્યાંની મહિલા કંડક્ટર દ્વારા છેદતી કર્યાની ફરિયાદ પોલીસમાં થઈ હતી જેથી ડેપો મેનેજરની તાત્કાલિક ધોરણે બદલી કરવામાં નહીં આવે તો ફરિયાદકાર મહિલા કંડક્ટરે આત્મહત્યાની પણ ચીમકી ઉચ્ચારી છે. જેથી મુખ્ય મંત્રી કાર્યાલય દ્વારા મહિલા કંડક્ટરોને માનસિક-શારીરિક ત્રાસ આપવા બાબતે તાત્કાલિક તપાસ કરવા માટે મળેલ ઓનલાઈન અરજીના આધારે અરજદાર આત્મહત્યાનું અંતિમ પગલું ન ભરે તે માટે જરુરી સમજ અને તકેદારીના ભાગરુપે ઘટતી કાર્યવાહી કરવા માટે લેખિત સૂચના આપવામાં આવતાં ડેપો મેનેજર સામે તપાસ શરુ થઈ છે. મુખ્ય મંત્રીના જનસંપર્ક કાર્યાલય દ્વારા મહિલા કંડક્ટરની ફરિયાદ તેમજ આત્મવિલોપન સંદર્ભે અધિક મુખ્ય સચિવ પોલીસ મહાનિર્દેશકની કચેરી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ઉપાધ્યક્ષ, અરવલ્લી કલેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડાને લેખિત નકલ રવાના કરી કરેલ કાર્યવાહીનો અહેવાલ ફક્ત ઓનલાઈન અપલોડ કરવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે.

એસ.ટી. વિભાગીય વડાએ ફરિયાદ સંદર્ભે અજાણતા દર્શાવી

મોડાસા એસ.ટી. ડેપો મેનેજર હર્ષદ પટેલ સામે મહિલા કંડક્ટરે રાજ્યના મુખ્ય મંત્રી સમક્ષ ઓનલાઈન ફરિયાદ કરી માનસિક અને શારીરિક સતામણીની ફરિયાદ કરતાં એસ.ટી. વિભાગમાં હડકંપ મચી ગયો છે ત્યારે એસ.ટી. વિભાગીય વડા સંદીપ પટેલનો સંપર્ક કરતાં પોતે આ બાબતે સાવ અજાણ હોવાનું જણાવ્યું હતું. ડેપો મેનેજર સામે ઉચ્ચ કક્ષાએ થયેલ ગંભીર આક્ષેપો બાદ તપાસ શરુ થઈ હોવા છતાં વિભાગીય એસ.ટી. વડા ગંભીર બાબત છતાં અજાણ રહ્યા છે તે પણ આશ્ચર્યનો વિષય બન્યો છે.

ડેપો મેનેજરે બચવા માટે મહિલા કંડક્ટરોને બોલાવી જાતે નિવેદન લીધાં

મોડાસા એસ.ટી. ડેપો મેનેજર સામે ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ થયા પછી તપાસનો ધમધમાટ શરુ થયો છે. મહિલા કંડક્ટરો સાથે ડેપો મેનેજર માનસિક ત્રાસ આપવાની સાથે નોકરીની આડમાં શારીરિક સબંધ બાંધવા માટે મજબૂર કરતા હોવાના સંગીન આરોપ લાગ્યા છે ત્યારે ખુદ ડેપો મેનેજર હર્ષદ પટેલે કેટલીક મહિલા કંડક્ટરોને બોલાવી તેમના સ્વબચાવમાં તેમની તરફદારી કરતા નિવેદન લીધાની વિગતો બહાર આવી છે.

પ્રાંતિજના ધર્મપ્રેમી મહિલાઓએ ધનુર્માસ અંતર્ગત શ્વાનો માટે લાડુ બનાવ્યા

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ધર્મપ્રિય મહિલાઓએ પવિત્ર ધનુર્માસ અંતર્ગત શ્વાનો માટે લાડુ બનાવીને શ્વાનો ને વિતરણ કરવામા આવ્યુ. દરવર્ષ ની જેમ આ વર્ષેપણ પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તાર માં શ્વાનો માટે લાડુ બનાવીને તેનુ ધનુર્માસ મા વિવિધ વિસ્તારોમાં વિતરણ કર્યુ હતુ ધનુર્માસ હિન્દુ સંસ્કૃતિ માટે પવિત્ર અને પાવન માસ ગણાય છે આ મહિનામા લોકો દાન-પુણ્ય અને પશુસેવા કરી ને પુણ્ય નુ ભાથુ બાધે છે નાની ભાગોળ વિસ્તાર મા વર્ષોથી દર વર્ષે ઉતરાણય પૂર્વે મહિલા મંડળની બહેનો એકત્રિત થઈ ને સ્વહાથે શ્વાનો અને ગાયો માટે લાડુ બનાવે છે અને નગરના વિવિધ વિતરણોમા તેનુ વિતરણ કરવામા આવ્યુ હતુ તો તેમા નગરના પશુપ્રેમી અને ધર્મ પ્રિય લોકો સારો સહયોગ આપે છે ધનુર્માસ મા કરેલ દાન-પુણ્ય મનુષ્ય જિંદગી મા સુખ સમૃધ્ધિ અને તંદુરસ્તી બક્ષે છે અને દેવી દેવતાઓ પણ પ્રસન્ન થાય છે આ સદકાર્ય થી અન્ય લોકોને પણ પ્રેરણા મળે છે તેવુ મહિલા મંડળ ની બહેનોએ જણાવ્યુ હતુ.

અમદાવાદના પતિ-પત્ની બુટલેગર કારમાં દારૂની ખેપ મારતા ઝડપાયા

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં દારૂની હેરાફેરી અટકાવવા આંતરરાજ્ય સરહદો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે બુટલેગરો પોલીસને થાપ આપવા નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે શામળાજી પોલીસે ફિલ્મીઢબે કારમાં ખેપ મારતા અમદાવાદના દંપતીને દબોચી લઈ કારમાંથી ૫૦૪ બોટલ દારૂ જપ્ત કર્યો હતો અન્ય એક ટ્રકમાંથી ૫.૦૬ લાખના દારૂ સાથે ખેપિયાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતાં શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી સ્વીફ્ટ કારને અટકાવવા જતા કાર ચાલકે કાર પુરઝડપે હંકારી મુકતા ફિલ્મીઢબે પીછો કરી દહેગામડા નજીક કારને અટકાવી તલાસી લેતા કારમાંથી ૯૨ હજારથી વધુના દારૂ સાથે કાર ચાલક બુટલેગર જીતેન્દ્ર રાજેન્દ્ર ધોબી અને તેની પત્ની સુસ્મિતા જીતેન્દ્ર ધોબી (બંને રહે, આકૃતિ ટાઉનશીપ, નારોલ કોર્ટ સામે, અમદાવાદ) ને દબોચી લઈ રૂ.૬.૦૨ લાખના મુદ્દામાલ સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો અન્ય એક કિસ્સામાં પોલીસે ટ્રકમાં ચપ્પલની આડમાં સંતાડેલ ૫.૦૬ લાખના વિદેશી દારૂ સહિત ૧૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક સુમિતસિંહ સતપાલસિંહ ઠાકોર (રહે,સબલપુર-યુપી) ને

ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

ડીસામાં અઠવાડિયા અગાઉ નવ દુકાનોમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

તાલુકા પોલીસે મુદ્દામાલ સાથે ૪ તસ્કરોની અટકાયત કરી

ડીસા, તા. ૨૩

ડીસામાં અઠવાડિયા અગાઉ અલગ- અલગ નવ જેટલી દુકાનમાં થયેલી ચોરીમાં સંડોવાયેલ ચાર ઈસમોને મુદ્દામાલ સાથે ઝડપી પાડી તાલુકા પોલીસે ચોરીનો ભેદ ઉકેલ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં એક જ અઠવાડિયામાં અલગ-અલગ ત્રણ જગ્યાએ ચોરી થતાં પોલીસ હરકતમાં આવી ગઈ હતી. જેમાં આરટીઓ ચાર રસ્તા પાસે પણ અલગ-અલગ નવ જેટલી દુકાનોમાં ચોરી કરનાર તસ્કરો સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ ગયા હતા. જેને શોધવા માટે ડીસા તાલુકા પોલીસે તરત જ અલગ-અલગ બે ટીમો બનાવી સઘન તપાસ શરૂ કરી હતી. રાત્રિના સમયે પણ પેટ્રોલિંગ વધારી, ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજની મદદથી અગાઉ ચોરીમાં સંડોવાયેલા શંકાસ્પદ લોકોની તપાસ કરતા ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો હતો.જેમાં પોલીસે નવ જેટલી દુકાનોને નિશાન બનાવી ચોરી કરનાર ભરત લુહાર, વિપુલ લુહાર, પંકજ માજીરાણા અને પ્રકાશ વાલ્મિકીની અટકાયત કરી હતી. તેમજ તેમની પાસેથી ભંગારની દુકાનમાંથી ચોરેલો મુદ્દામાલ પણ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરામાં ખાણ ખનીજ ની ચોરી કરતા માફિયા ખનીજના અધિકારીઓ આવતા ઉભી પૂછડીએ ભાગ્યા

ધાનેરા તા.૨૩

ધાનેરા તાલુકા માં ખાણ ખનીજ ની ચોરી નો વેપલો ઘણા સમય થી ચાલે છે જેમાં સ્થાનિક તંત્ર ની મહેરબાની જોવા મળી રહી છે અને ખનીજ માફિયા બેફામ બની રયા છે.

આજે માલોત્રા ગામ પાસે ની નદી માં ખનીજ ચોરી થતી હતી ત્યાં ખાણ ખનીજ વિભાગ અધિકારીઓ ત્યાં આવતાં ખનીજ માફિયા ઓ ટ્રેક્ટર, ટ્રોલી, અને લોડર લઈ ને ભાગવાના વિડિઓ થયાં વાયરલ આમ ધાનેરા તાલુકા માં રોજ-રોજ ના અંદાજે ૨૦૦ જેટલાં વાહનો દ્વારા ખાણ ખનીજ ની ચોરી થઈ રહી છે .અને બીજીબાજુ ડીસા ની બનાશ નદી માંથી રોજે રોજ ૨૦૦થી ૩૦૦ ડમ્પરો ધાનેરા અને રાજસ્થાન માં રેતી ની હેરા ફેરી કરી રયા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, સરકારની રોયલ્ટી ની ચોરી કરી રયા છે.

આ ખાણ ખનીજ માફિયાઓ ને બાતમી મળતા તેઓ પલાયન થઈ જતા હોય છે. અને હાઈવે પર એક પણ ગાડી જોવા મળતી નથી ખાણ ખનીજ ખાતા ના અધિકારી ઓ આવવાની બાતમી પણ માફિયાઓ ને કેવી મળી જાય છે તે ચર્ચાનો વિષય બન્યો છે? જે ધાનેરા તંત્ર ની મહેરબાની હોઈ શકે? કે કેમ?

ડીસા પંથકના કાંટ ગામની સર્વોદય આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કાંટ દ્વારા દોડમાં યુનિવર્સિટીના બે રેકોર્ડ તોડ્યા

૩૫ વર્ષ જૂના બે રેકોર્ડ તોડ્યા જેમાં ૪૦૦ મીટર અને ૮૦૦ મીટર દોડના રેકોર્ડ તોડ્યા

પાલનપુર તા.૨૩

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના ૩૩માં આંતર કોલેજ "આનર્ત"છંરર્ઞીંજ છંરર્ઞહ-૨૦૨૨ સાબર સ્ટેડિયમ, હિંમતનગર ખાતે યોજાયો. આ ખેલકૂદ મહોત્સવમાં ૯૩ કોલેજો અને ૧૦૨૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

જેમાં શ્રી સર્વોદય આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કાંટ કોલેજે દોડ વિભાગમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

સર્વોદય આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કાંટ ના પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે આ સ્પર્ધામાં કોલેજે કુલ બે ગોલ્ડ મેડલ તેમજ દશ બ્રોન્સ મેડલ પ્રાપ્ત કર્યા હતા.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે તેમજ ૪૦૦ મીટર દોડમાં ૩૫ વર્ષ જુનો રેકોર્ડ તોડી નવો રેકોર્ડ ૫૦:૫૩ સેકન્ડ યુનિવર્સિટી રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. તેમજ ૮૦૦ મીટર ની દોડમાં ૩૯ વર્ષ જુનો રેકોર્ડ તોડી નવો રેકોર્ડ ૧:૫૬:૭૨ માઈક્રો સેકન્ડ યુનિવર્સિટી રેકોર્ડ સ્થાપિત કર્યો હતો.

તેમજ બંને રીલે રમત ના ખેલાડીઓ ત્રીજા નંબરે રહ્યા હતા આ ખેલકુદ રમોત્સવમાં દોડવીરો એ સારું પરફોર્મન્સ આપી કોલેજનો તેમજ સંસ્થા નું નામ રોશન કર્યું હતું .

સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ કે મિસ્ત્રી અને સંસ્થાના મેનેજિંગ ડાયરેક્ટર વિક્રમભાઈ તેમજ કોલેજના સમગ્ર ટ્રસ્ટી ગણ કોલેજના પ્રિન્સિપાલ જોગેશભાઈ ઠાકોર તેમજ લો કોલેજના પ્રિન્સિપાલ પિયુષભાઈ કાનુડાવાળા અને રમત-ગમતના P.T.I પ્રાધ્યાપક તેમજ કોચ લીલાભાઈ દેસાઈ તથા સંપૂર્ણ સ્ટાફ ગણે વિદ્યાર્થીઓ ને શુભેચ્છા પાઠવી તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેમને આશીર્વાદ પાઠવ્યા હતા.

૮૦૦મી.- ઠાકોર વીરસંગ ચંપુજી ૧:૫૬:૭૨ માઈક્રો સેકન્ડ

૪૦૦મી - ઠાકોર વીરસંગ ચંપુજી ૫૦:૫૩ સેકન્ડ

૨૦૦મી - ગોહિલ નવઘણજી પૃથ્વીરાજ

૧૦૦મી - નાઈ વિશાલ રમેશભાઈ

૪×૧૦૦ રીલે

૧- ઠાકોર વીરસંગ ચંપુજી

૨- ઠાકોર અમરસંગ ચંપુજી

૩- ગોહિલ નવઘણજી પૃથ્વીરાજ

૪- નાઈ વિશાલ રમેશભાઈ

૪×૪૦૦ રીલે

૧- ઠાકોર વીરસંગ ચંપુજી,૨- ઠાકોર અમરસંગ ચંપુજી,૩- ગોહિલ નવઘણજી પૃથ્વીરાજ,૪- ભાટી જયેશકુમાર જગદીશભાઈ

ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કોલેજ દ્વારા બે દિવસના ફાર્માસીસ્ટ્સ માટેના રિફ્રેશર કોર્સનું ઓનલાઈન આયોજન !

ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના પ્રોત્સાહન સાથે ઓફર થયેલા આ કોર્સમાં ૩૦૦ જેટલાં રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ્સ જોડાયા હતા : અનેક વિદ્વાન નિષ્ણાતોએ વિષયનાં વિવિધ પાસાંઓની વિશદ છણાવટ કરી





ગણપત વિદ્યાનગર તા. ૨૩

ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટીની એસ. કે. પટેલ કોલેજ ઑફ ફાર્મસી દ્વારા તાજેતરમાં બે દિવસના" રિફ્રેશર કોર્સ "નું આયોજન કરવામાં આવ્યું હતું. રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ્સ માટેના આ બે દિવસના ઓનલાઈન કોર્સને ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો. આ કોર્સના ઉદઘાટન સમારોહમાં ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ અને પેટ્રન - ઈન - ચિફ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ (દાદા) તથા ડીન અને પ્રિન્સિપાલ પ્રો. ડૉ. શ્રી એસ. એસ. પંચોલી તેમજ ખાસ મહેમાન તરીકે ગુજરાત ફાર્મસી કાઉન્સિલના એક્સિક્યુટીવ કમિટી મેમ્બર માનનીય શ્રીકાંતભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા.શ્રીકાંતભાઈએ ફાર્મસી ઉદ્યોગના ઉત્કર્ષમાં કાઉન્સિલની ભૂમિકા અને આ પ્રકારના આયોજનોની ઉપયોગિતા વિશે મહત્વની માહિતી આપી હતી હતી. કોર્સ દરમિયાન ઓનલાઈન ઉપસ્થિત રહેલા ૩૦૦ જેટલાં રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ્સ મિત્રોએ પોતાના વ્યવસાયમાં ઉપયોગી એવી બહુ મહત્વની અનેક માહિતી મેળવી હતી. આ કોર્સ દરમિયાન પ્રો. ડૉ. સી. એન. પટેલ, ડૉ. કૌશિક કનાડા, પ્રો. ડૉ. કિશોર ધોલવાણી, પ્રો. ડૉ. ઉમંગ ગઝ્ઝર, શ્રી રિદ્ધિ જાની અને શ્રી રોશની પટેલ જેવાં વિદ્વાનોએ નિષ્ણાત તરીકે પોતાના વિવિધ વિષયનાં જ્ઞાન-માહિતીનો લાભ ફાર્માસિસ્ટ્સ મિત્રોને આપ્યો હતો.

કોર્સના સમાપન સમારોહમાં વિશેષ મહેમાન તરીકે ઓનલાઈન જોડાયેલા ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના રજિસ્ટ્રાર શ્રી જશુભાઈ ચૌધરીએ " ઓનલાઈન ફર્સ્ટ રજિસ્ટ્રેશન અને રિન્યુઅલ પ્રોસેસ "ની વિગતવાર માહિતી આપી હતી.આ બે દિવસીય ઓનલાઈન રિફ્રેશર કોર્સનું સફળ કૉ-ઓર્ડીનેશન આ. પ્રોફ. ડૉ. દીપ્તિ બી. પટેલ તેમજ ડૉ. ઉમંગ ગઝ્ઝરે કર્યું હતું જેમાં પ્રો. ડૉ. શ્રી એસ. એસ. પંચોલી તેમજ ડીન પ્રો. ડૉ. શ્રી પી. યુ. પટેલનું માર્ગદર્શન પણ બહુ મહત્વનું રહ્યું હતું.

પ્રાંતિજ પોલીસ ક્યાસુધી નિંદ્રામા રહેશે પ્રાંતિજના મોયદમાંથી સાયલેન્સર ચોરાયુ

પ્રાંતિજ સહિત તાલુકા માંથી ઈકો કારનુ સાયલેન્સર ચોરી નો સીલસીલો યથાવત : - ઇકોકાર ના સાયલેન્સર ચોરતી ગેંગ સક્રિય પોલીસ ભર ઉઘ મા : ઈકોકાર માલિક દ્વારા અજાણ્યા ઇસમો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી : ૬૦,૦૦૦ના સાયલેન્સર ની ચોરી થતા પોલીસ ફરિયાદ થઈ : રાત્રીના સમયે પાર્ક કરેલ ઇકો કારમાંથી નવુ સાયલેન્સર કાઢી જુનુ સાયલેન્સર લગાવી ગયા

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મોયદ ખાતે ઘર આગળ પાર્ક કરેલ ઈકોકાર માંથી સાયલેન્સર કાઢી જુનુ સાયલેન્સર લગાવી જતા અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ સહિત તાલુકામાં એક પછી ઈકોકાર માંથી ઈકોકારના સાયલેન્સર કાઢી જુના સાયલેન્સર લગાઈ જતી ટીમ સકિય થઈ છે અને રાત્રી ના સમયે કે વહેલી સવારે આ સાયલેન્સર ચોરી કરતી ટીમ દ્વારા પ્રાંતિજ સહિત તાલુકામાંથી અત્યાર સુધીમા આઠ થી વધુ ઈકોકાર માંથી શાયલેન્સર ની ચોરી કરી છે ત્યારે પ્રાંતિજ પોલીસ ના ચોપડે માત્ર ત્રણ ચોરી નોંધાઇ છે ત્યારે પોલીસ ના લફરામાથી બચવાને લઈ ને કે ઈકોકાર નો વિમો કે કોઈ ડોક્યુમેન્ટ કપલેટ ના હોય તેવા લોકો પોલીસ ફરિયાદ કરતા નથી ત્યારે સાયલેન્સર ચોરી કરતી ટીમ દ્વારા પ્રાંતિજ સહિત તાલુકામા ધામા નાંખ્યા હોય તેમ એક પછી એક ગામમા જઇ ને ઈકોકાર માંથી સાયલેન્સર ની ચોરી કરે છે ત્યારે પ્રાંતિજ તાલુકાના મોયદ ગામે પણ તારીખ ૨૧।૧૨।૨૦૨૨ ના રોજ રાત્રીના સમયે પોતાના ઘર આગળ પાર્ક કરેલ ઈકો કાર નંબર- જી.જે૦૯.બી.જે.૪૧૯૯ નુ સાયલેન્સર કાઢી તેની જગ્યાએ જુનુ સાયલેન્સર નાખી સાયલેન્સર ચોરો જતા રહેતા આ અંગેની પોલીસ ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ઈકોકાર માલિક વિપુલ કુમાર રઘુભાઈ દેસાઈ ઉ.વર્ષ-૨૬ રહે.મોયદ રૂપાજીવાસ તા.પ્રાંતિજ , જી.સાબરકાંઠા દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે અજાણ્યા સાયલેન્સર ચોરો વિરૂધ્ધ ગુનોનોંધી તપાસ હાથ ધરી હતી તો છેલ્લા કેટલાક દિવસો થી પ્રાંતિજ પોલીસ ને ચેલેન્જ આપતી આ સાયલેન્સર ચોર ગેંગ સામે જાણે પ્રાંતિજ પોલીસે નમતુ જોખ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે અને પ્રાંતિજ પોલીસ ના રાત્રીના પોલીસ પેટ્રોલિંગ ઉપર અનેક સવાલો ઉભા થયા છે ત્યારે એટલુ તો ચોક્કસ છેકે એક પછી એક ઈકોકાર માંથી સાયલેન્સર ની ચોરી અટકવાને બદલે વધે છે ત્યારે પ્રાંતિજ પોલીસ જાણે કુમકર્ણ નિદ્રા મા હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

અવસાન નોંધ

તલોદ તાલુકાના પુંસરીના વતની અમૃતભાઈ પ્રહલાદભાઈ બ્રહ્મભટ્ટના ધર્મપત્નીઅને કમલેશભાઈ કિરીટભાઈ અનિલભાઈ અને રજનીભાઈ ના માતુશ્રી મણીબેનનુ ટુંકી માંદગી બાદ અવસાન થયું છે